ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ગોસ્વામી સંજયભારતી શિવાભારતી (કથાકાર)
મો. ૮૧૪૧૨ ૧૭૦૫૦



સુરેશભાઈ મહેતા
પૂર્વ નગરસેવક
મો. ૯૮૨૫૪ ૩૮૪૬૫



મણીબેન નારણભાઈ મહેરીયા
મો. ૯૭૩૭૭ ૪૪૪૫૪



પુષ્પાબેન એ જોષી
મો. ૯૯૧૩૨ ૧૩૭૪૮



તક્ષ ભરતકુમાર દેસાઈ
મો. ૭૯૯૦૫૫૯૭૯૫



માનકુંવરબા દરબાર



દિયા અલ્પેશકુમાર ભાવસાર
મો. ૯૪૨૯૦ ૨૮૮૪૮



નીર યોગેશકુમાર પટેલ
મો. ૯૪૨૭૪ ૦૯૨૯૩

# પ્રેરણા બાળ રથયાત્રા રંગેચંગે યોજાઈ








ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદમાં જેમ પાંચેક રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે તેમ ગાંધીનગર ખાતે પણ હવે બે રથયાત્રા યોજાતી થઈ ગઈ છે. પંચદેવ મંદિરની પરંપરાગત રથયાત્રા ઉપરાંત સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા બાળ રથયાત્રાનું આયોજન અષાઢી બીજે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બ્રહ્માકુમારીઝનાં કૈલાશદીદી, નગરસેવક રાકેશભાઈ પટેલ, ઊર્મિલાબેન, ગાંધીનગર વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, કૅપિટલ વર્તમાન દૈનિકના તંત્રી રમેશભાઈ પટેલ, સૅક્ટર-૩ ન્યૂ વસાહત અગ્રણી જયેશભાઈ આગજા અને શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ બાળ રથયાત્રાની વિશેષતા એ હતી કે શાળાના પ્રત્યેક વિદ્યાર્થીએ પોતાના ઘરેથી લાવેલા એક એક વાડકી મગથી પ્રસાદનું સર્જન કર્યું હતું ને આ પ્રસાદ રથયાત્રા દરમિયાન દર્શનાર્થીઓને વહેંચવામાં આવ્યો હતો. નશાબંધીનાં સૂત્રોથી સજેલા કતારબંધ ગોઠવેલા રથ, રથની બંને તરફ વર્દીમાં સજ્જ એસપીસીના સભ્યો, યુનિફોર્મમાં સજ્જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો તથા રથમાં બેઠેલાં બાળકોએ કૃષ્ણપ્રેમથી ભર્યા બૂલંદ સૂત્રોચ્ચારથી વાતાવરણનો ભક્તિમય બનાવી દીધું હતું.

ઉલ્લેખનીય છે કે નગરના સૅક્ટર-૪ અને ૫ એવાં છે જ્યાં પરંપરાગત રથયાત્રા પહોંચતી નથી. આ વિસ્તારોમાં પ્રેરણાની બાળ રથયાત્રા પહોંચી હતી, જેનાં દર્શન કરીને ભાવિકો ગદ્ગદિત થઈ ગયા હતા. સ્થાનિક વસાહતીઓએ પાણી, શરબત, છાશ, બિસ્ટીક અને પ્રસાદનો વરસાદ વરસાવી રથયાત્રા લઈને આવેલાં બાળકો પ્રતિ પોતાનું વહાલ વ્યક્ત કર્યું હતું. ઉજવણીનો રંગ શહેરની સ્વચ્છતાના રંગને ન બગાડે એ વાતનું ધ્યાન પણ રથયાત્રામાં ચાલતા વિદ્યાર્થીઓએ રાખ્યું હતું અને માર્ગમાં આવતો કચરો તેમણે એકઠો કરી લીધો હતો. આચાર્ય મનિષભાઈ ખત્રી અને સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓની સાથે રહીને ભક્તિ, ઉજવણી અને સુચારુ લોકસંપર્કનું પ્રાયોગિક ઉદાહરણ વિદ્યાર્થીઓને શીખવ્યું હતું.

## સ્મિત મ્યુઝીક દ્વારા કલ્યાણજી - આણંદજીનાં સુમધુર જૂનાં ગીતોનો કાર્યક્રમ યોજાયો



સ્મિત મ્યુઝીક દ્વારા 'છલિયા મેરા નામ' ટાઈટલથી ગુજરાત ગૌરવ સંગીત બેલડી કલ્યાણજી આણંદજીના સુમધુર જૂનાં ગીતોની ભવ્ય નાઈટ રવિવારના રોજ ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજવામાં આવી હતી. દિનેશભાઈ પંચમીયા, આર એસ શાહ, સંજય થોરાત, કશ્યપ નિમાવત, મનોજ શુક્લ, બ્રિજરાજસિંહ ઝાલા સહિત ગાંધીનગરના સંગીતપ્રેમીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને ભરપૂર પ્રતિસાદ પાઠવ્યો હતો.

સેજલ વાલા, મુસ્કાન મનસુરી, શ્રદ્ધા રૈયાણી, રીનાબેન પુરોહિત, સાગર દેસાઈ, મૌલિક ત્રિવેદી, હિમાંશુ પુરોહિત, ખુશાલ પંચાલ, શ્રવણભાઈ, સતુભા રાઠોડ, ભરત ઠાકર, નિયાઝભાઈ મનસુરી તથા જ્યોતિ ગજ્જર-ભરત ગજ્જરે સુમધુર ગીતો કાર્યક્રમ અંતર્ગત રજૂ કર્યા હતા.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શાળા કૅબિનેટનું ગઠન



ગાંધીનગર, તા. ૧૬

વિદ્યાર્થીઓમાં રહેલી નેતૃત્વ ક્ષમતાનો વિકસાવવા અને ટીમભાવના જાગૃત કરવાના આશયથી આલમપુર ખાતે સ્થિત રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં વર્ષ ૨૦૧૮-૧૯ માટેની શાળા કૅબિનેટ રચવામાં આવી હતી, જેનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

સમારોહના મુખ્ય અતિથિ પદે રંગોલી ગૃપના ચૅરમેન પ્રહર અંજારિયા અને શાળાના ટ્રસ્ટી પ્રણવ સોની ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓની સામુહિક પરેડ બાદ નવનિર્મિત કારોબારીના હોદ્દેદારોને સ્લેશ અને બેઝ અર્પણ કરવામાં આવ્યા હતા. સાહસ હાઉસના કેપ્ટન તરીકે કાર્વી અંજારિયા અને વાઈસ કેપ્ટન તરીકે ઉદ્ગીત અંજારિયા તથા શક્તિ હાઉસના કૅપ્ટન તરીકે સાચી અગોરિયા અને વાઈસ કેપ્ટન તરીકે બિમલા ગુર્જરે શપથ ગ્રહણ કર્યા હતા.

પ્રસંગોચિત ઉદ્બોધનમાં પ્રહર અંજારિયાએ નવા હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા અને વિદ્યાર્થીઓને ઍકેડેમિકની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ રસ લઈ અને સંપૂર્ણ ઉત્સાહથી ભાગ લેવા આહ્વાન કર્યું હતું. શાળાના આચાર્ય અને રંગોલી ગૃપના ડિરેક્ટર અનામિકા અંજારિયાએ તમામ હોદ્દેદારોને શપથ લેવડાવ્યા હતા અને આભાર દર્શન કર્યું હતું.

### વાર્તાયનના ૭મા પર્વમાં સુનીલ ગંગોપાધ્યાયની " ઝરમર વરસાદ " વાર્તાનું પઠન અને

## દિનેશ દેસાઈ - ગોપાલી બૂચનું વાર્તાપઠન




ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતી વાર્તામાસિક "મમતા" અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી ગુજરાતી ભાષાના વાર્તાકારોને વાર્તાપ્રસ્તુતિ માટે મંચ આપવાના હેતુથી આરંભાયેલ અને નવા સર્જકોને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી શરું કરવામાં આવેલ " વાર્તાયન "પર્વ – ૭ની બેઠક તા. ૧૫, જુલાઈ, ને રવિવારે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે સૌ સર્જકો તથા ભાવકોને આવકારીને આ વાર્તાયન આયોજન અંગે તથા બન્ને વાર્તાકારોનો પરિચય આપ્યો હતો, આરંભે બંગાળી ભાષાની શ્રી સુનીલ ગંગોપાધ્યાય લિખિત પ્રસિદ્ધ ટૂંકીવાર્તા " ઝરમર વરસાદ"નું વાચન કુ. પીનલ ચૌધરીએ કર્યું હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં શ્રી ગોપાલી બૂચે પોતાની મૌલિક વાર્તા " બદલાવ" અને શ્રી દિનેશ દેસાઈએ પોતાની "મેરેજ ફિયેસ્તા" વાર્તા વાંચી હતી. આ ત્રણેય વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. ખાસ પ્રો. સંજય પટેલ, શ્રી પ્રતાપસિંહ ડાભી, શ્રી પ્રજ્ઞા પટેલ તથા કનૈયાલાલ ભટ્ટે બન્ને વાર્તાઓની વિશેષ છણાવટ કરીને "બદલાવ" વાર્તાની કથાની ભાષા, વિષયવસ્તુ અને સીધા કથન જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ અને બીજી વાર્તા " મેરેજ ફિયેસ્તા" વિષય, કથનકલા, સંવાદ અને આધુનિકતાની રીતે સૌએ ચર્ચા કરી હતી. બધાની ચર્ચાને અંતે શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીએ બન્ને વાર્તાઓની સમીક્ષા કરીને પોતાનો મત રજુ કર્યો હતો તથા વાર્તાતત્વ વિશે થોડી વાત કરી હતી.

આ બેઠકમાં મમતાના તંત્રીશ્રી એ. વી. ઠાકર, રણછોડભાઈ પરમાર, પ્રજ્ઞા પટેલ, ડૉ. હસમુખ નાયક, પ્રો. પરેશ ભટ્ટ, માયા ચૌહાણ, કાંતિલાલ શર્મા, રેખા જોશી, રોહિણી રણછોડભાઈ પરમાર, સુમંત શાહ, ભરત પાઠક, હસમુખ મેકવાન, વગેરે અનેક ભાવકો ઉપસ્થિત રહીને વિસરાતી જતી આ વાર્તાકલાને માણી હતી. દર મહિને યોજાતા આ વાર્તાયન પર્વ સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે.

## કે બી ઈન્સ્ટીટ્યુટ દ્વારા ડ્રગ્સ વિરુદ્ધ જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો



કે બી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરના સ્ટુડન્ટ ચૅપ્ટર દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય વિષય 'ડ્રગનો દુરુપયોગ અને ગેરકાયદે વેપાર' વિષે જાગૃતિ ફેલાવવાનો હતો, જેમાં ફાર્મ-ડી રેગ્યુલર અને પોસ્ટ બેક્લોરેટના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું : નાટક અને વક્તૃત્વ સ્પર્ધા, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## યુવા સર્જક ડૉ. જય ઓઝાનાં વ્યાખ્યાન ભાવનગરમાં યોજાયાં



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સમાચારના કટાર લેખક અને વર્તમાન સમયમાં જ 'ડાયલૉગથી દેશભાષા' કૉલમ શરૂ કરનાર યુવા સર્જક ડૉ. જય ઓઝાનાં વ્યાખ્યાન ભાવનગર ખાતે શામળદાસ કૉલેજ અને કૃષ્ણકુમારસિંહજીના પરિવાર દ્વારા સંચાલિત મહારાણી નંદકુંવરબા મહિલા કૉલેજ ખાતે યોજવામાં આવ્યાં હતાં.

સાંપ્રત સમયમાં સંસ્કૃતિની મહત્તા વિષયે ડૉ. જય ઓઝાએ સંસ્કૃત ભાષાને આજની યુવા પેઢીએ કઈ રીતે વધુ ઊંચાઈ પર લઈ જવી જોઈએ તથા અવનવા પ્રયોગો દ્વારા સંસ્કૃત ભાષાને કેવી રીતે વધુ લોકભોગ્ય બનાવી શકાય તે વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શામળદાસ કૉલેજના સંસ્કૃત વિભાગ અધ્યક્ષ ડૉ. મિતાબેન વ્યાસ અને મહારાણી નંદકુંવરબા મહિલા કૉલેજનાં આચાર્ય પ્રિયંકાબાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ ડૉ. જય ઓઝા પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## સ્કૂલ ઑફ અચિવરમાં સ્કૂલ કૅબિનેટ રચાઈ

### વિદ્યાર્થી પ્રતિનિધિઓનો શપથવિધિ સમારોહ યોજાયો : ઈકો ક્લબ અને જી કે ક્લબની રચના પણ કરાઈ



ગાંધીનગર, તા. ૧૬

સ્કૂલ ઑફ અચિવરમાં પ્રતિવર્ષ સ્કૂલ કૅબિનેટની રચના થાય છે. એ દ્વારા વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય અને ભારત દેશની સરકારનું ગઠન કેવી રીતે થાય છે અને કૅબિનેટનાં શું કાર્યો હોય છે, તે જાણે છે. તદુપરાંત આ કૅબિનેટના સભ્યો શાળાનાં સામાન્ય કાર્યોમાં તથા શિસ્ત અને સદ્ભાવનાનાં કાર્યોમાં પ્રિન્સિપાલ તથા શિક્ષકોને વર્ષભર મદદરૂપ પણ થાય છે.

આ વર્ષે પણ ૧૪ જુલાઈના રોજ સ્કૂલના ગુજરાતી મીડિયમમાં કૅબિનેટ રચનાનો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નવી સ્કૂલ કૅબિનેટના ઍસપીઍલ, એઍસપીઍલ, હાઉસ લીડર તથા ક્લાસ મૉનિટર્સના સભ્યોને તેમનાં પદ અને ગૌરવના શપથ લેવડાવી બેઝ એનાયત કરવામાં આવ્યા હતા. તદુપરાંત ઈકો ક્લબ તથા જી કે ક્લબની રચના કરી તેના સભ્યોને બેઝ એનાયત કરી ક્લબનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં વાઈસ પ્રિન્સિપાલ દ્વારા કૅબિનેટનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં પ્રિન્સિપાલ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરી ત્રણેય સંગઠનોની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમ ઉદ્ઘોષકે સુંદર શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઊડીને આંખે વળગે તેવી વિદ્યાર્થીશિસ્ત અને તેમના અદમ્ય ઉત્સાહનાં દર્શન થયાં હતાં.